# Surat Municipal Corporation

e-Magazine

Issue 33
Dec.30, 2005




## ''વિશ્વ એઈડસ દિન'' નિમિત્તે સુમન શાળા નંબરઃ ૩ માં યોજવામાં આવેલ વકતૃત્વ સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા સંચાલિત એસ. એમ.સી., એસ. ટી. ડી. કેર આયોજીત '' વિશ્વ એઈડસ દિન '' નિમિત્તે કતારગામની સુમન શાળા નંબર : ૩ માં યોજવામાં આવેલ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકના વિજેતા કુ. વડોદરિયા શોભના, દ્વિતિય વિજેતા વ્યાસ હસમુખ અને તૃતિય વિજેતા કુ. પ્રજાપતિ શીતલ નીવડેલ છે ......

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા અઠવા પાર્ટી પ્લોટ ખાતે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે પોંક ફેસ્ટીવલનું આયોજન



ગુજરાત સરકારશ્રી તરફથી સને–૨૦૦૬નું વર્ષ પ્રવાસન વર્ષ તરીકેની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસીએશનના સહયોગથી અઠવા પાર્ટી પ્લોટ ખાતે તા.૨૫–૧૨–૨૦૦૫ થી તા. ૦૧–૦૧–૨૦૦૬ દરમ્યાન વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે પોંક ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું હતું. કમિશનરશ્રી પંકજ જોષીએ આ ફેસ્ટીવલનું ઉદ્‌ઘાટન કરી શહેરની સ્વાદ રસિક જનતા માટે ખુલ્લો મૂકયો હતો......

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકાના નવા મેયર અને ડે. મેયરની થયેલ વરણી

સને–૨૦૦૫ની સુરત મહાનગરપાલિકાની ચૂંટાયેલ સદસ્યશ્રીઓની પ્રથમ સામાન્ય સભા તા. ૨૬–૧૨–૨૦૦૫નાં રોજ સવારેઃ ૧૧.૦૦ કલાકે મહાનગરપાલિકાના સરદાર હોલમાં મળી હતી. આ સભામાં ૩૧માં મેયર તરીકે ડો. કનુભાઈ માવાણી તથા ૩૩માં ડે. મેયર તરીકે ડો. સુષ્માબેન અગ્રવાલની વરણી કરવામાં આવી હતી. ત્યાર બાદ સ્થાયી સમિતિના નીચે મુજબના ૧૨ સદસ્યશ્રીઓની પસંદગી કરવામાં આવી હતી......

વધુ માટે કલીક કરો >>>>>>

## સરથાણા જકાતનાકાની મેયરશ્રીએ લીધેલ મુલાકાત

મા. મેયરશ્રી કનુભાઈ માવાણીએ તા.૨૬–૧૨–૨૦૦૫ના રોજ રાત્રે ૧ કલાકે સરથાણા જકાતનાકાની મુલાકાત લીધી હતી અને જકાત વિભાગમાં ચાલતી કાર્યવાહીની જાણકારી મેળવી હતી. જકાત કેવી રીતે વસુલ કરવામાં આવે છે તેની તબકકાવાર માહિતી મા. મેયરશ્રીએ મેળવી હતી.....

વધુ માટે કલીક કરો >>>>>>

## ''વિશ્વ એઈડસ દિન'' નિમિત્તે સુમન શાળા નંબર : ૩ માં યોજવામાં આવેલ વકતૃત્વ સ્પર્ધા

**સુરત મહાનગરપાલિકા સંચાલિત એસ. એમ.સી., એસ. ટી. ડી. કેર આયોજીત ''વિશ્વ એઈડસ દિન'' નિમિત્તે કતારગામની સુમન શાળા નંબર : ૩ માં યોજવામાં આવેલ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકના વિજેતા કુ. વડોદરિયા શોભના, દ્વિતિય વિજેતા વ્યાસ હસમુખ અને તૃતિય વિજેતા કુ. પ્રજાપતિ શીતલ નીવડેલ છે.**

**નિર્ણાયક તરીકે ગુરુકુળ કન્યા વિદ્યાલયના સુપરવાઈઝર શ્રીમતિ રેણુકાબેન ચૌહાણે સેવા આપી હતી. અતિથિ વિશેષ પ્રોજેકટ ઈન્ચાર્જ ડો. વી.વી.પરમારે ઈનામ વિતરણ કર્યુ હતું. શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ સુરતી ઉપરાંત સમગ્ર કાર્યક્રમના આયોજન પાછળ કતારગામ હેલ્થ સેન્ટરના કાઉન્સેલર શ્રી રાજેશ દંતાણીએ ભારે જહેમત ઉઠાવી હતી.**




**TOP**

## સુરત મહાનગરપાલિકા ધ્વારા અઠવા પાર્ટી પ્લોટ ખાતે વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે પોંક ફેસ્ટીવલનું આયોજન

ગુજરાત સરકારશ્રી તરફથી સને–૨૦૦૬નું વર્ષ પ્રવાસન વર્ષ તરીકેની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસીએશનના સહયોગથી અઠવા પાર્ટી પ્લોટ ખાતે તા.૨૫–૧૨–૨૦૦૫ થી તા. ૦૧–૦૧–૨૦૦૬ દરમ્યાન વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે પોંક ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું હતું. કમિશનરશ્રી પંકજ જોષીએ આ ફેસ્ટીવલનું ઉદ્‌ઘાટન કરી શહેરની સ્વાદ રસિક જનતા માટે ખુલ્લો મૂકયો હતો.

પોંક ફેસ્ટીવલમાં ખાણી પીણીના સ્ટોલ સાથે જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમો દરરોજ જાહેર જનતાને નિહાળવા મળી શકશે. આજના પ્રથમ દિવસે અંધજન શાળા ધ્વારા ઓરકેસ્ટ્રા કાર્યક્રમ રજૂ કર્યો હતો. કલા રસિક પ્રજાએ મન મૂકીને કાર્યક્રમને માણ્યો હતો. તા. ૨૬–૧૨–૦૫ થી તા. ૦૧–૦૧–૦૬ સુધી દરરોજ નીચે મુજબના સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ થશે.

| | |
|---|---|
| તા. ૨૬–૧૨–૨૦૦૫ | મહિલા મંડળ ધ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ (યુ.સી.ડી. વિભાગ) |
| તા. ૨૭–૧૨–૨૦૦૫ | મહિલા મંડળ ધ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ (યુ.સી.ડી. વિભાગ) |
| તા. ૨૮–૧૨–૨૦૦૫ | નૃત્ય નર્તન અકાદમિ ધ્વારા નૃત્ય (ઉર્જિતા કિનારીવાલા) |
| તા. ૨૯–૧૨–૨૦૦૫ | સરગમ અકાદમી (ડાન્સ) |
| તા. ૩૦–૧૨–૨૦૦૫ | સરજત નર્તન અકાદમી (લોક નૃત્ય) |
| તા. ૩૧–૧૨–૨૦૦૫ | અંધજન શાળા ઓરકેસ્ટ્રા |
| તા. ૦૧–૦૧–૨૦૦૬ | સરગમ અકાદમી ડાન્સ |



આ પોંક ફેસ્ટીવલમાં પારેખ એન્ડ પટેલ બ્રધર્સ, દારૂવાલા બ્રધર્સની પોંકની ભઠ્ઠીઓ પોંક ફેસ્ટીવલનું ખાસ આકર્ષણ હતું. જનતા પોંકવડા, ઉષા પોંકવડા, સુરત પોંકવડા, અંબીકા પોંકવડા, આ ઉપરાંત વિજય ડેરી, સુમુલ ડેરી, સુગર સ્પાઈસ, જલારામ ખીચડી, કૃષ્ણા આઈસ્ક્રીમ, બાલાજી જનતા આઈસ્ક્રીમ, પવન કેટરર્સ જેવા ૫૦ જેટલા નાના–મોટા સ્ટોલો ધ્વારા સુરતી ફરસાણ, ખમણ, લોચો જેવી વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓનું વેચાણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સુરત હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસીએશનના જુદા જુદા સ્ટોલ ઉભા કરવામાં આવેલ છે.

પોંક ફેસ્ટીવલના ઉદ્‌ઘાટન પ્રસંગે કમિશનરશ્રી ઉપરાંત સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તથા શહેરની સ્વાદપ્રિય જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પોંક ફેસ્ટીવલનો રસાસ્વાદ માણ્યો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકાના નવા મેયર અને ડે. મેયરની થયેલ વરણી

સને–૨૦૦૫ની સુરત મહાનગરપાલિકાની ચૂંટાયેલ સદસ્યશ્રીઓની પ્રથમ સામાન્ય સભા તા. ૨૬–૧૨–૨૦૦૫નાં રોજ સવારેઃ ૧૧.૦૦ કલાકે મહાનગરપાલિકાના સરદાર હોલમાં મળી હતી. આ સભામાં ૩૧માં મેયર તરીકે ડો. કનુભાઈ માવાણી તથા ૩૩માં ડે. મેયર તરીકે ડો. સુષ્માબેન અગ્રવાલની વરણી કરવામાં આવી હતી. ત્યાર બાદ સ્થાયી સમિતિના નીચે મુજબના ૧૨ સદસ્યશ્રીઓની પસંદગી કરવામાં આવી હતી.

| | |
|---|---|
| 1 | શ્રી રણજીતભાઈ મંગુભાઈ ગીલીટવાલા |
| 2 | શ્રીમતી અરૂણાબેન ભાસ્કરભાઈ દેસાઈ |
| 3 | શ્રી જયપ્રકાશ હસમુખભાઈ શાહ (જે.પી.) |
| 4 | શ્રી કાંતિભાઈ હિંમતભાઈ બલર |
| 5 | શ્રી કાંતીલાલ દામોદરભાઈ જોષી |
| 6 | શ્રી નીતીનકુમાર દેવપ્રસાદ ઠાકર (ભજીયાવાળા) |
| 7 | શ્રી દિનેશભાઈ વાઘજીભાઈ જોધાણી |
| 8 | શ્રી નિરંજનભાઈ બેચરભાઈ ઝાંઝમેરા |
| 9 | શ્રી મુકેશ ચંદ્રકાંત દલાલ |
| 10 | શ્રી શૈલેષ શશીકાંત જરીવાલા |
| 11 | શ્રી કિર્તિકુમાર લહેરચંદ શાહ |
| 12 | શ્રી લાલખાન ગુલાબખાન પઠાણ |

તા. ૨૯–૧૨–૨૦૦૫નાં રોજ બપોરેઃ ૨.૦૦ કલાકે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં શ્રી રણજીતભાઈ ગીલીટવાલાની સ્થાયી સમિતિના ૩૯માં અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી હતી.

ત્રણે પદાધિકારીશ્રીઓની ટૂંકી વિગત નીચે મુજબ છે.



નામ : ડો. કનુભાઈ જી. માવાણી, ઉંમર : ૬૨ વર્ષ
હોદો : મેયર, સુરતમહાનગર પાલિકા
અભ્યાસ : બી.એ.એસ.એમ., એલએલ.બી., ડિપ્લોમા જર્નાલિઝમ
બેક ગ્રાઉન્ડ : પૂર્વ કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી



નામ : શ્રીમતિ સુષ્માબેન સુશીલભાઈ અગ્રવાલ, ઉંમર : ૪૭ વર્ષ
હોદો : ડે. મેયર, સુરતમહાનગર પાલિકા
અભ્યાસ : એમ. એસસી., બી. એડ., પી.એચ.ડી.
બેક ગ્રાઉન્ડ : પ્રિન્સિપાલ, શારદાયતન ઈંગ્લિશ સ્કૂલ



નામ : શ્રી રણજીતભાઈ મંગુભાઈ ગીલીટવાલા, ઉંમર : ૫૫ વર્ષ
હોદો : અધ્યક્ષ, સ્થાયી સમિતિ, સુરતમહાનગર પાલિકા
અભ્યાસ : ચાટર્ડ એકાઉન્ટન્ટ
બેક ગ્રાઉન્ડઃ જરી ઉદ્યોગપતિ

TOP

## સરથાણા જકાતનાકાની મેયરશ્રીએ લીધેલ મુલાકાત

મા. મેયરશ્રી કનુભાઈ માવાણીએ તા.૨૬–૧૨–૨૦૦૫ના રોજ રાત્રે ૧ કલાકે સરથાણા જકાતનાકાની મુલાકાત લીધી હતી અને જકાત વિભાગમાં ચાલતી કાર્યવાહીની જાણકારી મેળવી હતી. જકાત કેવી રીતે વસુલ કરવામાં આવે છે તેની તબકકાવાર માહિતી મા. મેયરશ્રીએ મેળવી હતી.

તા. ૨૭–૧૨–૨૦૦૫ના રોજ સવારે મા. મેયરશ્રી કનુભાઈ માવાણીએ વરાછાઝોનમાંથી ચૂટાયેલા સભ્યશ્રીઓ અને ઝોનના અધિકારીશ્રીઓ સાથે એક મીટીંગનું આયોજન કર્યુ હતું. આ મીટીંગમાં નવા ચૂટાયેલા સભ્યશ્રીઓ અને અધિકારીઓની ઓળખ રાખવામાં આવી હતી. સભ્યો અને અધિકારીઓ સાથે સંકલન રાખી કાર્ય કરવા જણાવેલ હતું તેમજ નવા ચૂટાયેલા સભ્યશ્રીઓને કયા કામો કયા ખાતા ધ્વારા કરવામાં આવે છે. કેવી ફરીયાદો કયાં કરવી વિગેરેની માહિતી આપી હતી.

TOP